૯

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની તમામ વ્યક્તિલક્ષી યોજનાઓ માટે ગ્રામ્ય કક્ષાએ તલાટી-કમ-મંત્રીશ્રી દ્વારા આપવામાં આવેલ આવકનું પ્રમાણપત્ર માન્ય રાખવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૨૦/૧૭૯૩/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૫/૦૧/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૧૬/૧૦/૨૦૧૯નો પરિપત્ર ક્રમાંકઃ આઇટીપી/૧૦૨૦૧૯/૧૮૮૧૦૨/આઇટી

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૦૯/૨૦૨૦નો પરિપત્ર ક્રમાંકઃ અજાક/ ૧૦૨૦૨૦/૬૫૧૨૩૦/ગ

પ્રસ્તાવનાઃ-

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના પરિપત્રથી ગ્રામ્ય કક્ષાએથી તલાટી-કમ-મંત્રીશ્રી દ્વારા રૂ.૫.૦૦ લાખ સુધીની આવક મર્યાદા માટે ગ્રામ્ય કક્ષાએ ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ કેન્દ્રો મારફતે "આવકનું પ્રમાણપત્ર" આપવા માટે જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક (૨) પરના આ વિભાગના પરિપત્રથી ગ્રામ્ય વિસ્તારના લોકો નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારની પ્રિ-મેટ્રીક તથા પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ તેમજ તમામ વ્યક્તિલક્ષી યોજનાઓ માટે ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ કેન્દ્રો મારફતે તલાટી-કમ-મંત્રીશ્રી દ્વારા રૂ.૫.૦૦ લાખ સુધીની આવક મર્યાદા માટે "આવકનું પ્રમાણપત્ર" આપવા માટે જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

## પરિપત્ર:-

પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધા ક્રમાંક (૧) અને (૨) પરના પરિપત્ર અન્વયે ગ્રામ્ય વિસ્તારના લોકો નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારની પ્રિ-મેટ્રીક તથા પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ તેમજ તમામ વ્યક્તિલક્ષી યોજનાઓ માટે ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ કેન્દ્રો મારફતે તલાટી-કમ-મંત્રીશ્રી દ્વારા રૂ.૫.૦૦ લાખ સુધીની આવક મર્યાદા માટે આપવામાં આવેલ આવકનું પ્રમાણપત્ર રજૂ કરે તો તેને માન્ય રાખવાની નીચે મુજબની શરતોને આધિન સૂચનાઓ બહાર પાડવામાં આવે છે.

(૧) ગ્રામ્ય કક્ષાએ તલાટી-કમ-મંત્રીશ્રી રૂ.૫.૦૦ લાખ (અંકે રૂપિયા પાંચ લાખ પૂરા)ની આવક મર્યાદા સુધી જ "આવકનું પ્રમાણપત્ર" આપી શકશે તથા આ "આવકનું પ્રમાણપત્ર" ૦૧ (એક) વર્ષ સુધી માન્ય રહેશે.

(૨) તલાટી-કમ-મંત્રીશ્રી જે ગામ/ સેજા/ જૂથ ગ્રામ પંચાયત ખાતે ફરજ બજાવતાં હોય તે જ ગામ/ સેજા/ જૂથ ગ્રામ પંચાયતના લોકોને "આવકનું પ્રમાણપત્ર" આપી શકશે.

(૩) પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૬/૧૦/૨૦૧૯ના પરિપત્ર મુજબ આવકના પ્રમાણપત્ર માટેનું ચેકલીસ્ટ, અરજીનો નમૂનો, કુટુંબના સભ્યોની વિગત, દૂધ મંડળીના પ્રમુખ/ મંત્રીનો અભિપ્રાય, જમીનની વિગતો, અરજદારનો જવાબ અને પંચનામાના નમૂના સહિત પરિશિષ્ટ-૧ થી ૮ મુજબ અરજી કરવાની રહેશે.

સદરહુ પરિપત્રની અન્ય જોગવાઇઓ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૬/૧૦/૨૦૧૯ના પરિપત્ર મુજબની અને તેમાં વખતો વખત લાગુ પાડવામાં આવનાર સુધારા મુજબની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૨૨/૦૧/૨૦૨૧ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ. કે. પાઠક

(યુ. કે. પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) તમામ જિલ્લા નાયબ નિયામક/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૬) સેકશન અધિકારીશ્રી (કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.

(૭) સિલેકટ ફાઇલ